# આજથી પવિત્ર પુરૂષોત્તમ માસ : ભાવ-ભક્તિનો માહોલ

## શ્રદ્ધાળુઓ ભક્તિ કિર્તનમાં લીન થશે : હોમ-હવન અને યજ્ઞના આયોજનો કરાશે : અધિક માસમાં સ્નાન-વ્રત-ઉપવાસ સાથે દાનનો અનોખો મહિમા : ધ્યાન-યોગ સાથે સત્યવ્રતનું પાલન કરી પર નિંદાથી દૂર રહેવુ

ગાંધીનગર, તા. ૧૬

આજથી પવિત્ર પુરૂષોત્તમ માસનો પ્રારંભ થાય છે. આ માસમાં શ્રદ્ધાળુઓ વ્રત, ઉપવાસ કરે છે, દાન કરે છે, શક્ય હોય તેટલો વધુ સમય ભક્તિ-કિર્તન કરે છે તેમજ વિધિવિધાન યજ્ઞ-હોમ હવન વગેરેના અનેક ઠેકાણે હોમ-હવન, વિધિવિધાન અને યજ્ઞ વગેરેના આયોજન કરવામાં આવે છે. ભાવિકો વધુને વધુ સમય ભગવાનની ભક્તિમાં લીન રહેવાનો પ્રયત્ન કરે છે.

પૌરાણિક સમયમાં સૂર્ય વર્ષ અને ચંદ્ર વર્ષનો યોગ્ય મેળ બેસાડવા સરેરાશ બત્રીસ મહીના સોળ દિવસ અને ચાર ઘડીના અંતરાલે 'લીપ માસ' એટલે કે અધિક માસની રચના કરવામાં આવી હતી. આ માસનો ભગવાન શ્રીકૃષ્ણના આશિર્વાદથી પુરૂષોત્તમ માસ તરીકે ઓળખવામાં આવે છે. અધિક માસમાં ભગવાન સૂર્યનારાયણનું પૂજન કરી શુદ્ધ ઘી, ગોળ અને ઘઉંના મિશ્રણવાળી સ્વાદિષ્ટ વાનગી બનાવવામાં આવે છે. જેને કાંસાના પાત્રમાં વસ્ત્ર અને ફળફળાદિ સહિત દાન કરવામાં આવે છે. અધિક માસમાં કેટલા નૈમિત્તિક કર્મનો નિુષેધ કરાયો છે. જેમાં વિવાહ, મૂંડન, નવવધુનો ગૃહ પ્રવેશ, યજ્ઞોપવિત જેવા કાર્યોનો સમાવેશ થાય છે.






આયોજન કરે છે. આ માસ દરમ્યાન ઘણા શ્રદ્ધાળુઓ ધ્યાન-યોગમાં પસાર કરે છે તેમજ સત્યવ્રતનું પાલન કરી પર નિંદાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. આ માસમાં વ્રત પૂજા સાથે સ્નાનનું પણ ખૂબ મહત્વ રહેલું છે.

ગાંધીનગરમાં ધર્મપ્રેમી ભાવિકો પવિત્ર પુરૂષોત્તમ માસ દરમ્યાન ભક્તિ અને ઉપવાસના રંગે રંગાશે. સમગ્ર માસ દરમ્યાન શ્રદ્ધાળુઓ સવારે વહેલા ઉઠી સ્નાનાદિ પતાવી મંદિરે જઈ પૂજા-અર્ચના કરશે. ત્યારબાદ ગરીબોને અનાજ-વસ્ત્રો અને ધનનું દાન કરશે. ઘણા શ્રદ્ધાળુઓ અધિક માસ દરમ્યાન તેમના વાળ અને નખ કાપતા નથી. હિન્દુ ધર્મમાં અધિકમાસને પુરૂષોત્તમ માસ ગણાવી તેને પવિત્ર ગણવામાં આવ્યો છે. એવી માન્યતા છે. કે આ માસમાં કરેલ વ્રત ઉપવાસનું ફળ અધિક મળે છે. આ માસ દરમ્યાન

આ માસમાં પિતૃ શ્રાધ્ધ, ગર્ભાધાન, પુંસવન, સંસ્કાર તથા સીમંત સંસ્કાર વગેરે કરી શકાય છે. ભોજનમાં આ માસ દરમ્યાન ચોખા, સાકર, મગ, તલ, આદુ,લીલા શાકભાજી,રતાળુ વગેરે તેમજ તેલમાં પકવેલ ના હોય તેવું હવિષ્ય ભોજન ગ્રહણ કરવામાં આવે છે. સમગ્ર માસ દરમ્યાન ભૂમિ પર શયન કરવુ જોઈએ અને શ્રદ્ધાપૂર્વક મંત્ર જાપ કરવા જોઈએ. અધિક માસની પૂર્ણાહુતિ એ દાન જાપ અને બ્રાહ્મણ ભોજનનું આયોજન કરવું જોઈએ.

# રાજ્યભરમાં વિશ્વ યોગ દિવસ ઉજવાશે

## ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણીને પગલે તડામાર તૈયારીઓ : અમદાવાદ શહેર ઉપરાંત ગુજરાતના તમામ જિલ્લા મથકો ઉપર યોજાનાર યોગ નિદર્શનોમાં હજારોની સંખ્યામાં લોકો ભાગ લેશે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

અમદાવાદ,તા. ૧૬

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કરાયો છે ત્યારે આગામી ૨૧મી જૂન ૨૦૧૫ના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી થનાર છે. વિશ્વની સાથે સમગ્ર દેશ અને રાજ્યમાં પણ વિશ્વ યોગ દિવસની ઉજવણીની તૈયારીઓ રાજ્યના વહીવટીતંત્ર દ્વારા હવે પૂર્ણતાના આરે છે. આગામી ૨૧મી જૂન ૨૦૧૫ના રોજ સવારે ૭.૦૦ કલાકે સમગ્ર રાજ્યમાં તમામ નિર્ધારિત કેન્દ્રો પર યોગના નિદર્શનનો ભવ્ય કાર્યક્રમ યોજાશે તેમ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે અમદાવાદ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. રાજ્યમાં ૨૧ જૂનના રોજ અમદાવાદ ખાતે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રાજ્યપાલ ઓપી કોહલી તથા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી થશે. આ ઉપરાંત રાજકોટમાં રેસકોર્સ ગ્રાઉન્ડ, ભરુચમાં નર્મદા પાર્ક, ગાંધીનગરમાં મહાત્મા ગાંધી મંદિર, પોરબંદરમાં ચોપાટી વોક વે ઉપરાં રાજ્યના તમામ જિલ્લાઓના વિવિધ મથકો ઉપર હજારોની સંખ્યામાં યોગનું નિદર્શન યોજાનાર છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્યભરમાં યોજાનાર વિશ્વ યોગ દિવસની ઉજવણી્ ગેની વિગતો આપી હતી. આજે અમદાવાદ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વિશ્વ યોગ દિવસની ઉજવણીને સફળ બનાવવા તા. ૭થી ૧૪ જૂન દરમિયાન ૩૯ હજાર માસ્ટર્સ ટ્રેનર્સનું આયોજન યોગ કેન્દ્રો ઓળકીને કરાયું હતું અને આ માસ્ટર્સ ટ્રેનર્સ દ્વારા તાલીમ પણ આપવામાં આવી છે. રાજ્યમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીને ભવ્ય બનાવવા આર્ટ ઓફ લીવીંગ, પતંજલિ યોગ કેન્દ્રો, લકુલેશ યોગ યુનિવર્સિટી, બીએપીએસ સ્વામીનારાયણ, બ્રહ્માકુમારીઝ, એએજીના યોગ ઈન્સ્ટ્રક્ટરોના નેતૃત્વ હેઠળ વધારાના પ્રશિક્ષકોને યોગની તાલીમ આપવામાં આવી છે. આ સમગ્ર ઉજવણી જનતા જનાર્દનની સક્રિય ભાગીદારી સાથે થાય તેવા હેતુથી રાજ્યની દરેક શાળા, કોલેજો, આઈટીઆઈ, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, દરેક સ્વૈચ્છિક, વ્યવસાયિક યોગાભ્યાસ સંસ્થાઓનો પણ પૂર્ણ સહયોગ લેવાયો છે. અમદાવાદ ખાતે સ્કેટર્સ દ્વારા યોગ નિદર્શનનું વિશિષ્ટ આયોજન પણ વિચારાયું છે. તદ્ઉપરાંત અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૧૪ જેટલા જાહેર ઉદ્યાનો તથા અન્ય જાહેર સંસ્થાનો અને શાળાઓ સહિત ૨૨૮ સ્થાનો પર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન પણ વિચારાયું

● અનુસંધાન પાન-૭

# ભાજપ સરકાર બહુમતીના જોરે લોકશાહીનું ચિરહરણ કરે છે : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં ભાજપની સરકાર ૨૦૦૨ થી બેઠી છે ત્યારથી બહુમતીના જોરે લોકશાહીનું ચિરહરણ કરવા સર્જાઈ હોય તે રીતે વર્તી રહી છે અને ગુજરાતની પ્રજા ઉપર જુદા જુદા પ્રયોગો કરી રહી છે તેવો આક્ષેપ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફરજીયાત મતદાનના નિર્ણયને અમલી બનાવવા માટે સરકારે હાથ ધરેલી પ્રક્રિયા અંગે ઉપરોક્ત પ્રતિક્રિયા આપતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે લોકાયુક્તના કાયદાની વાત કરીએ તો જે તે વખતના રાજ્યપાલે લોકાયુક્તનું બિલ પરત મોકલેલ હોવા છતાં તેને મારી મચેડીને પસાર કરવાનો આગ્રહ રાખી અને પોતાની અલગતાની એક છાપ ઉભી કરવા માટે છેક સુપ્રિમ કોર્ટ સુધી સરકાર લડી અને પ્રજાની પરસેવાની કમાણીના કરોડો રૂપિયા વેડફયા.

તેમણે જણાવ્યું હતું કે ભાજપની સરકાર અલગ છાપ ઉભી કરવાના ઈરાદાથી ફરજિયાત મતદાનનું બીલ લાવી પ્રજા ઉપર ફરજીયાત મતદાનનો અખતરો ગુજરાતની પ્રજા ઉપર કરી પોતાના અહમ સિવાય કઈ સિદ્ધિ હાંસલ કરવા માગે છે તે સમજાતું નથી. દેશમાં કોઈપણ રાજ્યમાં બતાવો તો ખરા કે જ્યાં ફરજીયાત મતદાન હોય ? આ તો ફક્ત ગુજરાતની પ્રજા ઉપર ફરજીયાત મતદાનનો અખતરો કરી બંધારણમાં નાગરિકોને મળેલા અધિકારો ઉપર તરાપ મારવાનો સરકારને પણ અધિકાર નથી. જે આ ભાજપ સરકાર બહુમતીના જોરે કરી રહી છે. જે બીલ રાજ્યપાલે રીમાર્કસ કરી સરકારને પરત મોકલ્યું હોય તેને પસાર કરવા માટે કે ગુજરાતની પ્રજા ઉપર ફરજીયાત મતદાન કાયદા દ્વારા ઠોકી બેસાડવાની ભાજપ સરકારની નીતિ રીતિ ઉચિત નથી. હકીકતમાં ભારતના બંધારણે આપેલા નાગરિક હક્ક મુજબ ફરજીયાત મતદાન માટે દબાણ કરવાનો કોઈપણ સરકારને અધિકાર નથી.

# જીટીપીએલના કેબલ ચોરી પ્રકરણે બે ઝડપાયા

## કેબલ વોરના પગલે ચોરી થઈ હોવાનું ખુલ્યુ : અન્ય સાગરીતો વોન્ટેડ

ગાંધીનગર, તા.૧૬

સરગાસણ પાસેથી ચારેક દિવસ પહેલા જીટીપીએલના કેબલ વાયર અને એમ્પ્લીફાયર સહીતનો સામાન ચોરી થઈ જવા પામ્યો હતો. ગાંધીનગર એલસીબની ટીમે બાતમીને આધારે બે કેબલ ચોરોને ઝડપી પાડયા છે. ઈન કેબલ ને જીટીપીએલ વચ્ચેની કેબલ વોરમાં ચોરી કરવામાં આવી હોવાનું ખુલ્યું છે. પોલીસે બેની ધરપકડ કરી ગુનો કરવાની સુચના આપનાર અન્ય બે શખ્સો સામે ગુનો દાખલ કરી તેમની શોધખોળ શરુ કરી છે.





એલસીબીની ટીમને ગઈ કાલે બાતમી મળી હતી કે ચારેક દિવસ અગાઉ સરગાસણ પાસેથી જીટીપીએલના કેબલ સહીતનો સામાન ચોરી કરી જનાર બે શખ્સો બાઈક પર ખ-૦ સર્કલ પાસેથી પસાર થવાના છે જેને આધારે વોચ ગોઠવીને સે-૧૨ શોપીંગ પાછળ રહેતા હિતેશ ધીરૂ પરમાર અને સે-૨૪ પાસે રહેતો બાલુ સોમાજી ઠાકોર બંનેને પકડી પાડયા હતાં. બંનેની સઘન પુછપરછમાં ધ્યાને આવ્યું હતું કે તેમને ઈન કેબલના મલિક ધર્મેન્દ્રસિંહ (મુછડ) રાઓલની ઓફીસમાં નેટવર્કીંગનું કામ કરતા બાબુભાઈએ કેબલ અને એમ્પ્લીફાયર બોકસ કાઢી લાવવા જણાવ્યું હતું.

આ બંને તેમના સાગરીતો ભૂપેન્દ્ર ઉર્ફે ભોપો પટેલ, કરણસિંહ દરબાર સાદીક અને અમિત મળીને છ શખ્સોએ મળીને ચોરી કર્યા બાદ બાબુભાઈની એસ્ટીમ ગાડીમાં ચોરીનો સામાન મુકી દીધો હતો. પોલીસે ઈનકેબલની ઓફીસે પડેલી એસ્ટીમમાં તપાસ કરીને ચોરીનો સામાન જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી અન્ય શખ્સોની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# જીઆઈડીસીના દબાણો પર તંત્ર ત્રાટક્યું


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં દિવસે દિવસે સરકારી જગ્યા પર બિલાડીના ટોપની જેમ દબાણો ફુટી નિકળે છે ત્યારે આજે તંત્રએ સેકટર-૨૬ જીઆઈડીસીમાં થયેલા દબાણો ઉપર તંત્ર એ બુલડોઝર ફેરવી સરકારી જગ્યાને ખુલ્લી કરી હતી.

શહેરમાં દબાણનો પ્રશ્ન ખૂબ જ પેચીદો છે. ઠેર ઠેર દબાણો શહેરની સુરત બગાડે છે. દબાણોના કારણે શહેરમાં અનેક સમસ્યાઓ ઉદભવે છે ત્યારે આજે બપોરના સમયે ક રોડ પર ફુટી નીકળેલ દબાણો પર તંત્રએ બુલડોઝર ફેરવ્યું હતું.

ટાટા ચોકડી પાસે તંત્રએ ચાની લારીઓ, પાનના ગલ્લા અને દાબેલી વડાપાઉંની લારીઓ પર તવાઈ બોલાવી હતી. ક રોડ જીઆઈડીસી વિસ્તારમાં દબાણના કારણે ટ્રાફિકનો પ્રશ્ન પણ વિકરાળ બન્યો હતો. ટાટાચોકડી, ડી માર્ટ, સહિતના વિસ્તારમાં તંત્રએ દબાણ હટાવ્યું હતું.

# સરકારી શાળાઓના શૈક્ષણિક સ્તરને સુધારવા વિશેષ ગ્રાન્ટ

## દરેક શાળાઓમાં ખાસ કમિટીઓની નિમણૂક થશે સરકાર દ્વારા કેટલાક નક્કર પગલા લેવા માટેની શરૂઆત

અમદાવાદ, તા.૧૬

રાજયમાં સ્વનિર્ભર શાળાઓનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે. ત્યારે બીજી બાજુ સરકારી શાળાઓનું શૈક્ષણીક સ્તર કથળી રહ્યું છે. વિદ્યાર્થીઓના અભાવે અનેક શાળાઓ બંધ કરવાની નોબત આવવા લાગી છે. ત્યારે સરકારી શાળાઓને આધુનિક બનાવવા તેમજ શિક્ષણનું સ્તર સુધારવા માટે રાજય સરકાર દ્વારા કેટલાક નક્કર પગલા લેવાની શરૂઆત કરી દેવામાં આવી છે. જે અંતર્ગત સરકાર દ્વારા દરેક શાળાઓને વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

આ ગ્રાન્ટમાંથી સરકારી શાળાઓમાં સ્માર્ટરૂપ તૈયાર કરવામાં આવશે. વર્ષો જુનાં બ્લેકબોર્ડને બદલે અધતન વ્હાઈટ બોર્ડ લગાવવામાં આવશે આ ઉપરાંત શાળાનાં આચાર્યો માટે રિવોલ્વિંગ ચેર, શિક્ષક માટે અલગ ઓફિસ તેમજ કલાસરૂમમાં સારી ગારીવાળી અને લોકવાળુ કંપનીનું ટેબલ આપવામાં આવશે. આ ગ્રાન્ટમાંથી વિદ્યાર્થીઓ માટે સ્કુલ બેગ, કેલ્કયુલેટર, કંપાસ, સંદભ સાહિત્ય, ગાઈડ સ્કુલ,અપેક્ષીત બુટ-મોજા પૈકીની જે જરૂરિયાતની ચીજ હોય તે ખરીદવામાં આવશે. આ માટે દરેક શાળામા ૧૧ થી ૨૧ વિદ્યાર્થીઓ, બે શિક્ષકો અને આચાર્યની એક કમિટી તૈયાર કરવામાં આવશે. આ કમિટી શાળામાં શૈક્ષણિક સ્તર સુધારવા માટેના પણ પ્રયત્ન કરશે. કમિટી અલગ-અલગ શાળાઓમાં ફરીને તેમની એજ્યુકેશન પદરથી, વિદ્યાર્થીઓની સમસ્યાઓ અને તે સમસ્યાઓ દુર કરવા માટે લેવામાં આવતા પગલાઓ સહિતના પાસાઓનાં અભ્યાસ કરીને તેમનાં સારા પાસાઓનો પોતાની શાળામા અમલ કરવા માટે પ્રયત્ન કરશે રાજય સરકાર દ્વારા આ સ્કુલ મેનેજમેન્ટ કમિટીને દર વર્ષે ૫૦ હજા રૂપિયાની ગ્રાન્ટ ફળવવામાં આવશે. જેમાંથી શાળામા હાજરીમાં, સાંસ્કૃતીક કાર્યક્રમોમાં શૈક્ષણીક બાબતો તેમજ અન્ય કાર્યોમાં અરવલ્લ રહેનાર વિદ્યાર્થીઓને વિશેષ ગ્રાંન્ટ આપી શકાશે. તેમજ શાળામાં પ્રાર્થના માટેના સાધનો કે અન્ય મૂળભુત સુવિધાના સાધનો ખરીદવા હશે. હશે તો તે પણ ખરીદી શકાશે.

# લાયન્સ, લાયોનેસ અને લીયો કલબના હોદ્દેદારોની શપથવિધિ ૧૮મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ ગાંધીનગરના વર્ષ ૨૦૧૫-૧૬ના નવા હોદ્દેદારોનો શપથવિધિ સમારંભ આગામી તા. ૧૮મી જૂનના રોજ સાંજે ૭ વાગે સ્કુલ ઓફ એચિવર, કુડાસણ ખાતે યોજવામાં આવ્યો છે.

આ સમારંભમાં વર્ષ ૨૦૧૫-૧૬ના લાયન્સ પ્રમુખ તરીકે લાયન ડૉ. જયંતિભાઈ પ્રજાપતિ, લાયોનેસ પ્રમુખ તરીકે લાયોનેસ વૈશાલીબેન જોશી તથા લીયો પ્રમુખ તરીકે લીયો સંકેત ગોર તથા ટીમની શપથવિધિ પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગર્વનર લાયન રાજીવ છાજર કરાવશે. મુખ્ય મહેમાન તરીકે પૂર્વ મુખ્યમંત્રી અને વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહજી વાઘેલા ઉપસ્થિત રહેશે. લાયન્સ, લાયોનેસ અને લીયો કલબના સભ્યોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

લવિંગ-કુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Nirdosh
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
STEEL TIGER એવોર્ડ વિજેતા
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧
અલ્ટ્રાટેક સિમેન્ટ, કામધેનુ TMT (ISI) સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ, હિન્દવેર સેનેટરીવેર, સોલીડ કોંક્રીટ બ્રિક્સ (સિમેન્ટ યુઝ્ડ)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com